# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/370 Dt. 19/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સુરતના ઔદ્યોગિક વિસ્તારોમાં વીજ પુરવઠાની ગંભીર સમસ્યાઓના ઉકેલ માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરાઇ

## ચેમ્બરના ઉપપ્રમુખ અને ફોગવાના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાના નેજા હેઠળ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે વીજ ઇન્ફ્રાસ્ટ્રકચર મજબૂત બનાવવા માટે તાત્કાલિક પગલા લેવા માંગ કરી, સુરત માટે અલગ ગેટકો સર્કલની પણ માંગ કરવામાં આવી

**સુરતઃ** સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને ગતિ આપવા માટે વિશ્વસનીય અને પૂરતો વીજ પુરવઠો અત્યંત જરૂરી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સુરત જિલ્લાના વિવિધ ઔદ્યોગિક વિસ્તારોમાં વારંવાર વીજ વિક્ષેપ, વોલ્ટેજ ફલકચ્યુએશન અને ઓવરલોડેડ સબસ્ટેશનો જેવી સમસ્યાઓ ઉદ્યોગકારો માટે ગંભીર પડકારરૂપ બની રહી છે.

આ મુદ્દાને ગંભીરતાથી ધ્યાનમાં લઈને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અને ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલ્ફેર એસોસિએશન (ફોગવા)ના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાના નેજા હેઠળ ચેમ્બરની ડીજીવીસીએલ કમિટીના એડવાઇઝર શ્રી સુરેશ પટેલ, રિપ્રેઝેન્ટેશન સેલના સભ્ય શ્રી કિશોર બોઘાણી સહિતના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના માનનીય રાજ્યમંત્રી શ્રી કૌશિક વેકરીયાની હાજરીમાં પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી અશ્વિન કુમાર, ગેટકોના મેનેજિંગ ડિરેકટર શ્રી ઉપેન્દ્ર પાંડે અને GUVNL (ગુજરાત

ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ) અને DGVCL (દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ)ના ઉચ્ચ અધિકારીઓ સાથે મિટીંગ કરી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ અને ફોગવાના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ મિટીંગમાં રાજ્ય સરકારે કરેલી રજૂઆત સંદર્ભે જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારોમાં વધતી વીજ માંગને પહોંચી વળવા માટે હાલનું વીજ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપર્યાપ્ત સાબિત થઈ રહ્યું છે, જેના કારણે ખાસ કરીને એમએસએમઇ અને ટેક્ષ્ટાઇલ ઉદ્યોગોની ઉત્પાદન ક્ષમતા ઉપર નકારાત્મક અસર થઈ રહી છે.

કીમ, પીપોદરા, મોટા બોરસરા, મોલવન, કરંજ, તડકેશ્વર જેવા વિસ્તારોમાં આવેલા ૬૬ કે.વી. સબસ્ટેશનો ભારે ઓવરલોડ છે, જેના કારણે વારંવાર પાવર ફેલ્યોર સર્જાઈ રહ્યા છે. હાલનું ૨૨૦ કે.વી. લિંડીયાત સબસ્ટેશન પણ ક્ષમતા કરતાં વધુ લોડ સહન કરી રહ્યું છે, આથી આ વિસ્તારોમાં નવા ૬૬ કે.વી. સબસ્ટેશનો તથા કીમથી કોસંબા વચ્ચે વધારાનું ૨૨૦ કે.વી. સબસ્ટેશન સ્થાપિત કરવાની ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તાત્કાલિક માંગ કરવામાં આવી છે.

સાયણ, દેલાડ, પરિયા, ગોથાણ, સ્યાદલા ઔદ્યોગિક કલસ્ટરમાં ટેક્ષ્ટાઇલ અને પ્રોસેસિંગ ઉદ્યોગોની વૃદ્ધિને કારણે વીજ માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. સિવેન, ગોથાણ અને દેલાડ ખાતેના ૬૬ કે.વી. સબસ્ટેશનો હાલ ઓવરલોડ છે. પરિયા ખાતે મંજૂર થયેલા ૬૬ કે.વી. સબસ્ટેશનનું કામ હજી શરૂ થયું નથી, જે તાત્કાલિક શરૂ કરવાની જરૂર છે. ઉપરાંત, સ્યાદલા ખાતે નવા ૬૬ કે.વી. સબસ્ટેશન તથા ૨૨૦ કે.વી. વેલંજા સબસ્ટેશનનું કામ ઝડપથી પૂર્ણ કરવાની ચેમ્બરે માંગ કરી છે.

આ ઉપરાંત ઉંભેળ, પરબ અને જોલવા જેવા વિસ્તારોમાં પરબ ખાતે એકમાત્ર ૬૬ કે.વી. સબસ્ટેશન છે, જે પણ ભારે ઓવરલોડ છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પરબ અથવા હળધરૂ ખાતે નવા ૬૬ કે.વી. સબસ્ટેશન તથા લાંબા ગાળે વાવ ખાતે ૨૨૦ કે.વી. સબસ્ટેશન સ્થાપિત કરવાની માંગ કરવામાં આવી છે.

શ્રી અશોક જીરાવાલાએ વધુમાં જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા સુરત માટે અલગ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO) સર્કલની માંગ કરવામાં આવી છે. હાલ સુરત જિલ્લો ભરુચ અને નવસારી ગેટકો (GETCO) સર્કલમાં આવે છે, આથી ચેમ્બરે સુરત માટે અલગ ગેટકો (GETCO) સર્કલ સ્થાપિત કરવાની માંગ કરી છે, જેથી વહીવટી કાર્યક્ષમતા વધે, ઉદ્યોગકારોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ થાય અને ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન મળે.

આ ઉપરાંત ડીજીવીસીએલ સંબંધિત પ્રશ્નો પર પણ રાજ્ય સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, જેમાં ખાસ કરીને ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સિવાય વિતરણ વ્યવસ્થામાં પણ અનેક પડકારો ઉભા થયા છે. લોડ મેનેજમેન્ટ, ફીડર ઓવરલોડ, વોલ્ટેજની અનિયમિતતા, નવા વીજ જોડાણ માટેની પ્રક્રિયામાં વિલંબ તથા મેઇન્ટેનન્સ સંબંધિત વિક્ષેપો ઉદ્યોગોને અસર કરી રહ્યા છે. ચેમ્બરે આ પ્રશ્નોના ઉકેલ માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO) સાથે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL)ની કામગીરીને પણ ધ્યાનમાં લેવાની માંગ કરી છે.

શ્રી જીરાવાલાએ વધુમાં જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાત એ રાજ્યના ઔદ્યોગિક ઉત્પાદન, એક્ષ્પોર્ટ અને રોજગારીમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે, તેથી વીજ પુરવઠાની સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવવામાં નહીં આવે તો ઉદ્યોગોની વિકાસગતિ અને રોકાણકારોના વિશ્વાસ ઉપર નકારાત્મક અસર પડી શકે છે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને પગલે માનનીય મંત્રી શ્રી કૌશિક વેકરીયાએ જેટકોના અધિકારીઓને નવા સબ સ્ટેશન તાત્કાલિક ધોરણે ઉભા કરવાની સૂચના આપી હતી. સાથે જ ચેમ્બર ઓફ કોમર્સને પ્રતિનિધિ મંડળને તમામ પ્રશ્નોના ઉકેલની ખાત્રી આપી હતી.